# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# BY-ELECTION

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ છે. કડી વિધાનસભા બેઠક પર આજે ભાજપ ઉમેદવાર રાજેન્દ્ર ચાવડા કોંગ્રેસના ઉમેદવાર રમેશ ચાવડા અને આમઆદમી પાર્ટીના જગદીશ ચાવડાએ ઉમેદવારી પત્ર ભર્યું. અગાઉ પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીના ગિરીશ કાપડિયા કડી બેઠક માટે ઉમેદવારી નોંધાવી ચૂક્યા છે.

દરમિયાન, ભાજપે ગઇકાલે કડી માટે રાજેન્દ્ર ચાવડા અને વિસાવદર માટે કિરીટ પટેલના નામની જાહેરાત કરી છે..જ્યારે કોંગ્રેસે કડી માટે રમેશ ચાવડા અને વિસાવદર માટે નીતિન રાણપરિયાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. આમઆદમી પાર્ટીએ વિસાવદર બેઠક પર ગોપાલ ઇટાલિયાને મેદાનમાં ઉતાર્યા છે. આ બંને બેઠકો પર આગામી 19 જૂને મતદાન થશે, જ્યારે 23 જૂને મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે વિસાવદર વિધાનસભા બેઠક પરથી ભૂપત ભાયાણીનું રાજીનામું અને કડી બેઠક પર કરસન સોલંકીનું અવસાન થતાં બંને બેઠકો ખાલી પડી હતી.

. . . . . . . . . . .

# Mahisagar Panchayat election

મહીસાગર જીલ્લાના 6 તાલુકાની 200 ગ્રામ પંચાયતમાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થતાં જ તાલુકાના મુખ્ય મથકો પર નેતાઓ અને કાર્યકરોનો ધસારો જોવા મળી રહ્યો છે.

જિલ્લાનાં લુણાવાડાની 61 સંતરામપુરની 49 ખાનપુરની 20, વીરપુરની 23, બાલાસિનોરની 28 અને કડાણાની 19 ગ્રામ પંચાયતમાં 22 જૂને ચૂંટણી યોજાશે અને 25 જૂને પરિણામ જાહેર થશે.

જીલ્લાની 200 ગ્રામ પંચાયતનાં 374 મતદાન મથકો પર 700 કરતા વધુ પોલીસ કર્મચારીઓ નિયુક્ત કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . .

# ANAND KRISHI RATH

વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનના રથ આજે આણંદ જિલ્લાના મોગરી ગામમાં આવી પહોંચ્યો હતો. આ રથમાં કૃષિ સંબંધિત સભ્યોની બનેલી ટીમો કાર્યરત છે. જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, કૃષિ વિભાગના, પ્રગતિશીલ ખેડૂતોનો સમાવેશ કરાયો છે. આ રથના માધ્યમથી ખેડુતોને કૃષિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂત જનકભાઈ પટેલે વધુ માહિતી આપી.

(બાઈટ : જનકભાઈ પટેલ (ખેડુત)

. . . . . . . . . . .

# BHARUCH AAG

ભરૂચના અંકલેશ્વરની ઔદ્યોગિક વસાહતમાં ફિનોર પીપલાઝ કેમિકલ્સ કંપનીમાં આગની ઘટના બની છે. આગની ઘટનાને પગલે અગ્નિશમન દળ ઘટના સ્થળે દોડી આવ્યું, અને આગ પર કાબૂ મેળવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. હાલ જાનહાનિના કોઈ અહેવાલ નથી. આ અંગે અંકલેશ્વરના મામલતદાર કરણસિંહ રાજપૂતે વધુ માહિતી આપી.

(બાઇટ: કરણસિંહ રાજપૂત, મામલતદાર)

. . . . . . . . . . .

# Supplementary Exam

ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પૂરક પરીક્ષા અંતર્ગત નોંધાયેલ વિદ્યાર્થીઓની રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાન વિષયની પ્રાયોગિક પરીક્ષા ૧૨ થી ૧૪ જૂન ૨૦૨૫ દરમિયાન યોજાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે જિલ્લાના નિયત થયેલા વિજ્ઞાનપ્રવાહના પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા લેવાશે, જેની શાળાના આચાર્ય, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવા જણાવાયું છે.

. . . . . . . . . . .

# AHMEDABAD DEATH

અમદાવાદમાં કોરોનાને કારણે મહિલાનું મોત થયું છે. શાહઆલમ વિસ્તારમાં રહેતી 47 વર્ષની મહિલાએ કોરોના સંક્રમણને કારણે જીવ ગુમાવ્યો છે. આ મહિલાને 23 મે એ મણીનગરની એલજી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. મૃતક મહિલાને હાઈપરટેન્શન અને બ્લડ પ્રેશર જેવી પૂર્વવતી સમસ્યાઓ પણ હતી.

. . . . . . . . . . .

# ARVALLI - Operation SHIELD

અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ વિસ્તારોમાં નાગરિક સંરક્ષણ સ્વયંસેવક બનાવાયા છે. કઠિન પરિસ્થિતિમાં લોકોને કેવી રીતે બચાવી શકાય તે અંગે જિલ્લા કલેક્ટરે આ સ્વયંસેવકને માર્ગદર્શન આપ્યું હતું.. આ સાથે જ મોકડ્રીલ પણ યોજવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર પ્રશસ્તિ પારિકે વધુ માહિતી આપી.

**( BYTE – PRASHASTI PARIK ARVALLI COLLECTOR )**

. . . . . . . . . . .

# Sunday on Bicycles

વધતી સ્થૂળતાના કારણે લોકો અનેક બિમારીઓનો સામનો કરી રહ્યા છે. આ સમસ્યાનો ઉકેલ સાયકલ સવારીમાં છે. નિયમિત સાઇકલ ચલાવવાથી શરીર તંદુરસ્ત રહેવાની સાથે સાથે પ્રદૂષણમાં પણ ઘટાડો થાય છે.

સાયકલ ચલાવવાથી થતાં ફાયદા અંગે નાગરિકોને જાગૃત કરવાના ઉદ્દેશ્યથી સંયુક્ત રાષ્ટ્ર -UN દ્વારા સમગ્ર વિશ્વમાં દર વર્ષે ત્રણ જૂનના રોજ 'વિશ્વ સાયકલ દિવસ' ઊજવવામાં આવે છે.

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા 'ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ' રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં અત્યાર સુધીમાં ૪ હજાર ૬00 જેટલા સ્થળોએ લગભગ બે લાખ સાયકલ પ્રેમી નાગરિકો સહભાગી થયા છે. આ પહેલમાં ગુજરાત સહિત અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પોલીસ દળ, સરકારી કર્મચારીઓ, NSS સ્વયંસેવકો, રમતવીરો, કોચ, રમતગમત વિજ્ઞાન નિષ્ણાંતો સહિત અનેક નાગરિકો ઉત્સાહભેર સહભાગી થયા હતા.

. . . . . . . . . . .